૪૮૭૪

ગુજરાત નીતિ પ્રબોધક નાટક
મંડળી માટે

1/૧૨ 116

पतिव्रता गुणसुंदरी नाटक

(ગાયનો)

પ્રકાશક

વનમાલી લાધાભાઈ મોદી

અધિપતિ "હિંદુસ્તાન"—અમદાવાદ

મુલ્ય બે આના.

અમદાવાદ—"હિંદુસ્તાન" પ્રીન્ટીંગ પ્રેસમાં
શા. ભોગીલાલ મનસુખરામે છાપ્યું.

સન ૧૮૯૧

अर्पण पत्रिका

પ્રિયભાઈ લલુભાઈ ગોકુળદાસ,

અમદાવાદ

તારૂણ્યને અનુરૂપ ઉદ્યોગ, અપૂર્વ વાચન શોખ, કંઇ પણ નવિન પ્રકાર જાણુવાની ઉત્કંઠા, ઇત્યાદી સદ્‌ગુણો જોઇ તથા મારા પ્રત્યે શ્રધ્ધા અને પ્રેમ નિહાળી આ લઘુ પુસ્તક સમર્પણ કરૂં છું.

શુભચિંતક

વનમાળી લાધાભાઇ મોદી.

પ્રસ્તાવના? કશી જરૂર નથી. ગાયનો ઉપર ઉપરથી તપાસી ગયો છું, તપાસી જવાને પુરતો અવકાશ મળેલો નહીં છતાં, ઉપર ઉપરથી તે દૃષ્ટિ તળે કહાડી ગયો છું અને તેમાં બનતી સુધારણા પણ કરી છે. કેટલાંક ગાયનો તો મેં જાતે નવાં બનાવ્યાં છે. આ નાટકનાં ગાયનો હું જ્યારે દુર્દૈવે કરી લાંબી મુદતનો મંદવાડ ભોગવતો હતો ત્યારે ઉદ્યોગ નિમિતે અમારી નાટક મંડળીના એકટરોએ મારી ફરમાશને અનુસરી બનાવેલાં હતાં. બીજી આવૃત્તિમાં બનશે તો સઘળાંજ હું બનાવીશ. રા. રા. કલ્યાણજી રણછોડજી વ્યાસે ગાયનોના સંબંધમાં ઠીક શ્રમ લીધો છે માટે તેમનો આભાર માનવો ઘટે છે.

વ. લા. મો.

पतिव्रता गुणसुंदरी नाटक.

૪૮૭૮

(ગાયન)

૧

શેષશાયિને, સર્વદા નમું રે, શ્રીરમેશ, કાપી કલેશ,
સુખ વિશેષ, દે હમેશ, એમ બહુ ચહુ રે. શેષ૦
ચરણ ચાંપતાં, લક્ષ્મી જેહનાંરે, અપરીમિત્ત, ચિત્ત પ્રીત,
ધરી ખચિત્ત, વસ્ત્રપીત. જે સદા ધરેરે. શેષ૦
શિર પરે ધરે, નિજ ફણા ફણીરે, તેની ઝાંય, મુગટ માંય,
બહુજ જાય, શુભ જણાય, ચળકતાં મણીરે. શેષ૦
ક્ષીરસિંધુમાં, શયન બહુ ગમેરે, ભકતપાળ, દિનદયાળ,
વિશ્વ જાળથી ઉગાર, શુભ મતી દઇરે. શેષ૦
શ્યામસુંદરા, ધર હું પર રતીરે, છે કલ્યાણ, કેરાં પ્રાણ,
તુજમાં જાણ, તો કલ્યાણ, કર ખુશી થઇરે. શેષ૦

૨

ખુદાકા નામ સચ્ચા હે યહ દુનિયામેં મશહુર,
નેક બંદાઓ અપને દિલમેં જાનો યહ જરૂર;
પલમેં દરીઆવ પલમેં પથર રાન કરે બેરાન,
પલક એકમેં બાદશાહકો કર દે રંક સમાન;
નામ સદા તુમ દિલમેં જપના રસુલલિલ્લાહકા,
બયમાનીકું દુર કર કે લો નામ અલ્લાહકા.

૩

સુન બજીર બાતપેં મેરી ખ્યાલ તેં રખના,
કિસ તરેહસેં ચલાતે હો રાજ કાનુનકી બિના;

રૈયતકા ખુમાટ કૈસા ઊસ્કા કરદે અહવાલ,
જાનનેકી હુઇ ઇન્તેજારી બોલ દે તત્કાળ.

૪

ખુશ મઝેમેં હે પ્યારી પ્રજા સરકાર,
નહિં રખના દિલમેં રંજ લેશ નામદાર;
કરે અમન ચમન ઔર ખુદા આપકે મુખસે,
નહિં ચોડે રાજકાનુન રહે સબ સુખસે;
શિરપેં શ્રીમંત સરકાર આપ હો ભારી,
નહીં લેશ માત્ર હે દુઃખ રૈયતકું તુમારી.

૫

સુણ બેની મારી સ્વપ્નુ આજ આવ્યું રે,
સ્વામિ રીસાય, વિદેશ જાય, ચિંતા થાય, નવ રહેવાય
મન અતિ મુંઝાયું રે— સુણ૦
તેથી ઉદાસીમાં બનિને બેઠી લીનરે,
શોચ થાય, મનની માંય, અરર હાય,લાગે લાય,
શું ઇશે આદરિયું રે— સુણ૦

૬

શોચ કર નહીં તું બેનીરે, વાત મારી સાચીતુ માની લેનીરે,
શોચ૦

નિર્ધનિઓ સ્વપ્ના માંહિ, ધન પામે છે અપાર,
આતુર ઉઠીને જુવે, દેખે નહીં તલભારરે— શોચ૦
જુઠી જાણી, ધૈર્ય તું મનમાં રાખ,
ગીને, ઇશ્વર મુખથી ભાખરે— શોચ૦

૭

ભલેને પધાર્યા સ્વામિનાથ, આનંદ ઉરમાં ભારી;
આરોપે ખુશી થઇને હાર, પ્રીયતમ આપની પ્યારી.
હરખ્યું હઇડું માહરૂં, નિરખી તમ છબી સાર,
વર્ણન શું મુખથી કરૂં, મારા રસિક પ્રિય ભરથાર—આનંદ૦
તમે ચંપો હું કેતકી, જાણું મનની માંય,
ક્ષણભર તમ જુદા રહો, ત્યારે શોચે પ્રિય મુજકાય,—આનંદ૦

૮

વદન મનોહર તારૂં નિહાળી, રંજીત થયું દિલ મારૂં મુગ્ધબા
ળી, વદન૦
શશિસમ મુખની કાંતિ આ તારી, કોમળ કાય સુંદર બલિહા
રી—વદન૦
નયન ચકોર તારા વિજ તુલ્ય ભાસે, નીરખું ગાલની ઉલ્હાસે
લાલી—વદન૦
નાસિકા કિરસમ સિંહ કટી છે, કેશ લતા શી ભુજંગીરે કાળી—
વદન૦
શોક પ્રિયે અતિ ચિત્તને થાયે, જો તું રહે ક્ષણ મુજથી ન્યા
રી—વદન૦

૯

સદા પાસ રહો પિયુ મારી, રહે તૃપ્ત દીલ તમ પ્યારીરે,—સદા૦
ભાગ્યશાળી કો ન મુજ સમ હોશે, સ્નેહ પ્રિયતમ ભારીરે—સદા૦
વાણી મધુરી સર્વ અંગ સુંદર, નિરખી હાર્ષિત થાઉં ભારીરે—
સદા૦

એક ઘડી મને વર્ષ તુલ્ય લાગે, જો રહું હું આપથી ન્યારીરે—
સદા૦

૧૦

હાલ ગુજરા હે હાય હમ રંક જાત પર,
માર મારકે માલ લે ગયે તસ્કર— હાલ૦
કોઇ મદદ દેવે શેઠ, ખાલી હો ગયા હે પેટ,
ભૂખમેં હે લેટપેટ, પુરમેં કો ન દાન દેત,
જીનેકા ન અબ બેત— હાલ૦
જાતે તિરથકે ધામ, ઇસ્મે બના એસા કામ,
પાસ રહા નહીં દામ, મદદ કરે કોઈ રામ,
ઉસ્કા જગમેં રહેગા નામ— હાલ૦
અબ કરના ક્યા હાય, ભૂખે જીવ હમેરા જાય,
ચલનેકી રહી ન આય, કરૂં કોનસા ઉપાય—
અંગમેં લગ રહી લાય— હાલ૦

૧૧

ધિક્ક રે'વું મારે આંહિ, પ્રિયા મારી ધિક્ક રે'વું મારે આંહિ.
આપ કમાઇ કરીને હે નારી, આવીશ આ શેહેર માંહિ—
પ્રિયા મારી૦
માટે ખુશીથી આપ રજા ને, દિલગીર થા માં તું કાંહિ—
પ્રિયા મારી૦
ત્રીજે વર્ષે પાછો હું આવું, વિસારૂં ન તુજને ત્યાંહિ—
પ્રિયા મારી૦
આતુરતા અતિ ઉરને પીડે, રહેતું અફળ પ્રિય આંહિ—
પ્રિયા મારી૦

૧૨

એ શુ બોલો પિયુ માહરા, લાગે અંગમાં લાય,
તમ વિણ સ્વામિ માહરો, દિન કહો કયમ જાય— એ શું૦
ધનરે દોલતનો ટોટો નથી, રહો મ્હેલ મોઝાર;
મસ્કરી રૂપે મેં તો કહ્યું, રીસ ન કરો પ્રાણાધાર— એ શું૦
વચન અબળા ઉર ધારીને, વિદેશનું માં લ્યો નામ,
કદિયે કહુ નહીં આપને, ખુબ ઉડાવો દામ— એ શું૦

૧૩

અરે પિયુ પ્યારા રજા નહિં આપું—
રજા નહીં આપું, રજા નહીં આપું-આપું, આપું—અરે૦
જાવે જવાની વાત ન કરશો,
વચન નહીં હવે ઉથાપું, ઉથાપું, ઉથાપું— અરે૦
તમ વિયોગથી દિન નહીં જાશે,
શી રીતે આયુષ્ય માપું; માપું, માપું— અરે૦
મસ્કરી રૂપે કદી કહું નહીં,
લ્યો આ વચન હું આપું, આપું, આપું— અરે૦
એટલી વિનતિ ઉરે ધરોને,
કરગરીને આલાપું, આલાપું, આલાપું— અરે૦

૧૪

રજા દેને અહો પ્રાણપ્યારી, મુજ વચન ન ફરે આ વારી;
કદી સુર્યોદય પશ્ચિમે થાય, કદી પૃથ્વિ રસાતાળ જાય,
સાચું કહું છું મુખે ઉચ્ચારી— મુજ વચન૦
ત્રીજે વર્ષે પાછો હું આવું, દેશ જાવા હું જોઈ ને આવું,

નહીં ઉદાસ થા પ્રિયા મારી— મુજ વચન૦
નહિં ગણું હવે થુંકીને, રહે મોહજાળ મુકીને,
તુજ રક્ષા કરે ત્રીપુરારી— મુજ વચન૦
પ્રિયા વખત ઘણા વહી જાય, મુજ જીવ ઘણો મુઝાય;
નહિં ચેન પડે તલભારી— મુજ વચન૦
જઇ માત પિતાની પાસે, રજા લહું અતિ ઉલ્લાસે,
થાય વિદેશમાં જયકારી— મુજ વચન૦

૧૫

દીએ ખુશીથી રજા તમ પ્યારીરે, ઇશ કરશે સ્હાય તમારી—દીએ૦
વહાલા વિયોગથી દીન કેમ જાશે, ઝુરી મરશે આ નારીરે—ઇશ૦
વળજ્યો વેલેરા તમે પિયુ મારા, અર્જ ઉર લ્યો ધારીરે—ઇશ૦
એક ઘડી થશે વર્ષ તુલ્ય પ્યારા, જણાશે જોજો વિચારીરે—ઇશ૦

૧૬

સ્વપ્નુ સાચું પડયું મુજ બેન, પતિ વિદેશે ગયા;
હવે દુઃખના દિવસ મારી બેન, કાઢવા મારે રહ્યા.
ઘડી પળ પળ એમનો પ્યાર, યાદ આવશે અતી;
સુન્ય લાગે સઘળું ભુવન, વિનારે પ્રાણપતી.
કેમ કરૂં હવે મુજ બેન, જીવ ગભરાય છે;
સ્થિર છાતિ નથી ગઇ ધીર, શોચ અતી થાય છે.
ત્રણ વર્ષ અરેરે હાય, જશે મારા કઇ પેરે;
તેનો ઉપાય બેન બતાવ, સુજે ન મુને ખરે.

૧૭

ધીરજ મનમાં ધરને બેની, કાલસવારે ઘર આવે પિયુ તારો—
ધીરજ૦

શુદ્ધ -હૃદયથી શિવ સેવા કર, સારૂં કરશે સર્વ પ્રભુજી પ્યારો—
ધીરજ૦
હવે કલ્પાંતને દુર કરીને, સ્થિર મન સાથે ઇશ સંભારો—
ધીરજ૦
રૂદન તારૂં સાંભળી એની, અત્યંત જીવ હાય બળે છે મારો—
ધીરજ૦

૧૮

પ્યારા શૃંગાર દૂર હવે થાઓ, પ્રાણનાથ વિના ઝેર સમાન જણાઓ,
એ હાય, એ હાય, એ હાયરે—પ્યારા
હીરા હાર વળી બાજુબંધને, શું મારે કરવાં,
ઝરમર માળા કલ્લાં સાંકલાં નિશ્ચે પરહરવાં,
એ હાય, એ હાય, એ હાયરે—પ્યારા૦
ઝુમખા વાળી અને ચાંડલો, દીઠે ઉપજે ખાર,
કડાં બેરખાં ડમરૂં ઝાંઝર, ગમે નહીંરે લગાર,
એ હાય, એ હાય, એ હાયરે—પ્યારા૦
શ્વેત સાડી ચાલને એની, ધારણ કરૂં આ વાર,
પતિવ્રતાનો ધર્મ પાળવો, એ મન દૃઢ વિચાર—
એ હાય, એ હાય, એ હાયરે—પ્યારા૦

૧૯

પ્રિય પિતા અને ઓ માત મુજની વહાલી,
નહિ લગાડશો દિલમાંહિ દુઃખડું ઠાલી;
પુત્ર દુઃખ શાનું શું કાંય કહે કયમ આવું ?
જવું જાવે છે નિશ્ચય અન્ન નહિ ખાવું.

વદ વિચારીને તું વીર, ગઇ અમ ધીર, ભેદે છે તીર;
ભિતર ઘા કારી—

કહે શા માટે તેં કરી પ્રતિજ્ઞા ભારી.
રે વડો વણિક વેપાર પિતા નવ ખોઇએ,
થઈ ઉમર મોટી મુજ કમાવું જોઇએ.— ૧
નવ નિદ્ધ અષ્ટમા સિદ્ધ જોઇએ જે કાંઈ,
શું કરવિ કમાણિ તુજ, સર્વ છે આંહી;
બળ આપ અવર મેઘ જળ સમાન ન કોઇ,
રળિ પુત્રે કરવું આપ બાપ સવાઈ;
કહું વારંવાર, હઇયાનાહાર, બાપુ તું બહાર,
જવું દે છોડી,—

નવ થાય પ્રતિજ્ઞા ભંગ કહું કરજોડી.
પ્રિય પ્રિતા અને આ માત મુજની વહાલી;
નહિ લગાડશો દિલમાંહિ દુઃખડું ઠાલી.— ૨

૨૦

નોધારાં મુકી માતને તાત, જવાનું બોલ નહીં તું ભ્રાત;
બુઢાપણું હવે આવ્યું અમોને, વિચાર તું દિલ માંય—
વિખુટા થવાને વચન વદે છે, લાગે દિલમાં લાય,
પુત્ર તું કેવી કરે છે વાત— નોધારાં૦
અંધાની એક આંખ અમારે, નહિં અન્યની આશ.
નિશ્ચય તજ તું કહ્યું માનીને, કર માં આમ નિરાશ,
તુજ વિણ થશે અમારી ઘાત— નોધારાં૦

૨૧

પુષ્પ લેવા મારે જાવું, માલણ ઘેર પુષ્પ લેવા મારે જાવું,

મુજ સખીનો પ્યાર અતિ છે, એની સેવા હું બજાવું—
માલણ૦
ઝવેચંદની રક્ષા પ્રભુજી, કરશો એવું મુખ ગાઉં—
માલણ૦
પ્રીય બેની મારી પુજનમાં બેઠી, આંહિ હવે ન રોકાવું—
માલણ૦

૨૨

હે મમ મિત્ર બુલબુલખાં પ્યારા, સાભળ તું તો મારી વાત;
જાવા બંદર જવા તણો હું, વિચાર રાખું છું પરભાત.
માટે રાખજે ખબર મુજ માત પિતાય, તારે ભરોંસે આ મિત્ર તારો જાય,
ખરીરે મિત્રાઈ મુને તારીરે જણાય— માટે૦
હવે તારે વિશ્વાસે હું છોડું ત્રિયા ઘર, બરાબર તેની તું રાખજે ખબર,
અત્યંત લાગે છે મિત્ર દરીયાખાંનો ડર— હવે૦

૨૩

મત ઘરકી ફિકર રખ યાર, જા ખુશીસેં જાવા મોઝારરે—મત૦
તેરે માત ઓર તાત ઓ મેરે, એસા જાનું દિલ માંય,
લુગાઇ તેરી મુજ બ્હેણ લગે, ન કરના ચિત ચિંતાયરે—મત૦
મુજે સમજના દિલસેં તેરે, દિલોજાન દિલદાર,
બહુત દિન વ્હાં નહીં ઠેરના, ઇતના મેરા ઉચારરે—મત૦

૨૪

ખરી મિત્રાઇ છે તારી, એવું મનમાં લઉં ધારી—
અરે હાં, રેહાં, રેહાં, રેહાં—ખરી૦

બુલબુલખાં તુજને રગ, વાધ્યો ઉછરંગ;
મુને બહુ અંગ, કહુ પાસ તારી—ખરી૦
મિત્ર છેલ્લા હવે પ્રણામ, આલેકુમ સલામ;
અલ્લાહ નિગેબાન, કરલે તું તૈયારી—ખરી૦

૨૫

પ્રભુ એક આશરો તારો, થાઉં છું માતપિતાથી ન્યારો—પ્રભુ૦
જન્મભૂમિને આજ હું ત્યાગી, વિદેશ જાવા સિધાવું,
પતિ માવિતરનું રક્ષણ કરજો, કિંચિત દુઃખી ન થાઉં,
શરણાંગત છું શિશ નમાવું. પ્રભુ૦
બાળબુધ્ધિ મૂજ વય છે નાની; મમતીને અભિમાની,
આધાર પુરણ રાખું વિભુ તારો, વારે રહેજેરે મોરારી,
વિનંતિ દાસ તણી ઉર ધારી—પ્રભુ૦

૨૬

નમું નમું હુ ચરણ પ્રત્યે ત્રીપુરારી.
દીન દાસીની સ્તુતિ લ્યો ઉર ધારી;
રંક વણિક પુત્રી શંભુ છું તમારી—નમુ૦
કરજો પતિને વિદેશમા સ્હાય,
કદિ કષ્ટ પડે નહિં એ દાસી ચ્હાય;
માગું મુખથી એટલું મુરારી—નમુ૦
અનેક દાનવોનું કામ તમે કીધું,
ઘણા અસુરોને અભયદાન દીધું,
ભુમિ ભાર દળવા દેહ રૂપ ધારી—નમુ૦
પાપ પાખંડને પલકમાં વિદારી,

કરી રક્ષા શંભુ સેવકની સારી;
તેમ સાચવજો શિયળ દીલ ધારી—નમું.

૨૭

ફાજલખાં પરિયન દેખરે, કેસી હે ગુલજાર— ટેક.
દિલરૂબા મેહેબુબ મેરી, મિલે કેસી કર બ્યાન,
અબ દિવાના હો ગયા, મ્હોબતસેં કરાર— ફાજલ૦
ખાના પિના હરામહે, નિંદ વોહી હરામ.
મ્હોરદાર મેરી ન હોવે, તબ જીના ધિક્કાર— ફાજલ૦

૨૮

અહો શિરદાર, કાંતિવાન ભારી,
એસી ચયે તુમકું નારી— કાંતિ૦
એકીદમ ઓ નહીં મિલેગી,
મસલત કરે કોઉ ધુતારી— કાંતિ૦
કયું કે નગરકા શેઠ મોતીશાહ,
સુત જવેરચંદકી નારી— કાંતિ૦
દાસી વખ્ત જો જાવે વ્હાં તો,
જાનકી હોવે ખુવારી— કાંતિ૦
ચોકી પ્હેરા વ્હાં બહુત રહેતાહે,
પેસેદાર વો હે ભારી— કાંતિ૦

૨૯

જબ મેં પ્યારી દેખી વ્હાંબારી, તબસે ભ્રમિત હુવા ચિત્ત ભારી,
ખુદા મિલાદો મુઝકું વો માસુક, હાથ જોડ કરૂ બંદગી તું હારી—
જબ૦

જહાં તલગ વો નાજની ના મીલે, વહાં તલગ મેરી જીંદગી અકારી-
જબ૦

૩૦

સુન ગુલાબ મેરી તું બાત ઉરમેં ધરે,
ઉરમેં ધરે, તેરે દિલમેં ધરે—
ઝવેરચંદકી પ્યારી, ઉસ્કે સંગ કરદે યારી,
એહેસાન તેરા માનું ભારી, નહીં તો હોગી મેરી ખ્વારી—સુન૦
તુજે દઉંગા ઇનામ, સચા જીગરસેં માન,
મેરા કરદે ઇતના કામ, ચાહીયે ઇતના લે જા દામ- સુન૦

૩૧

ઘણી ખુશીથી બજાવું, ઘણી ખુશીથી બજાવું હું કામ આપ,—ઘણી૦
હિંમત રાખો દરીયાખાનજી, છોડો દિલથી પરિતાપ, (૨)
હું૦ ઘણી૦
ગુણસુંદરીને હું તો સમજાવું, મળશે સુખ અમાપ (૨)
હું૦ ઘણી૦
સત્વર આંહીંથી જાઉં હું તો, જઇ મારૂં એવી ધાપ (૨)
હું૦ ઘણી૦
શોક સાગરને દૂર કરીને, છોડો મનથી સંતાપ (૨)
હું૦ ઘણી૦

૩૨

બાઇ પુષ્પ લીઓ આ વારી, આવી હર્ષથી પાસ તમારી—બાઇ૦
છે ગુલાબ મોગરો સાર, ચંપો કેતકી ફુલ અપાર,
ચંબેલીને ગુલહજારી— બાઇ૦

જાઇ જુઇ ડોલર હાર, ગુંથ્યો તમ માટ આણી પ્યાર—
અરજ મારી ઉરે લ્યો ધારો— બાઇ૦

33

તુજ પુષ્પને શું કરવાં, તુજ પુષ્પને શું કરવાં,
પ્રિયપતિ વિદેશ માંહિ બિરાજ્યા— તુજ૦
સ્વામિનાથ વિણુ કાંઇ ન સુઝે, જવાળ સદા દિલમાંથી ન બુઝે
તનથી, મનથી, ધનથી, જોઇએ એને પરહરવાં— તુજ૦
આવે વિદેશથી પતિ મારા, લાવજે હાર બનાવી સારા—
ત્યારે હેતે પ્રીતે જઇ પ્રીયુની પાસ ધરવાં— તુજ૦

34

ફટ ફટ હે નીચ નાર–કેવી તું વાત ઉચરીરે;
હવે નિકળ તું અહીંથી બ્હાર— કેવી૦
આવી શર્મ ન તુજને લગાર— કેવી૦
તુજ માવિતરને છે ધિક્કાર— કેવી૦
થયો અગ્નિ પ્રવેશ મન માંય— કેવી૦
મુખ કાળું કરી અહીંથી જાય— કેવી૦
રોમ રોમ વ્યાપ્યો છે મુને કાળ— કેવી૦
તારી ઘાત કરૂં હું તત્કાળ— કેવી૦
પણ જા છોડી દઉં છું આવાર— કેવી૦
કદી આવીશ નહીં મેલ મોઝાર— કેવી૦

૩૫

ગુસ્સો શાંત કરો બાઈ મારી, થાઉં દિલગીર દિલમાં ભારી,
હાથ જોડી કહું તમ પાસે, દિયો માફી બાઇ ઉલ્લાસે,

કરો આપ ભુવનથી ન ન્યારી, ગુરસો૦
કુવાક્ય વદું ન કો વારે, તમ પાસે કહુ નિરધારે,
હે સુજ્ઞ પતિવ્રતા નારી, ગુરસો૦

૩૬

ખુદા મિલાદો વો નારી, બંદગી સુનો યહ વારી—ખુદા૦
માલનકું ભેજી હે કમ, આવે વો જમ,
ખબર દેવે સબ, હોવે ખુશ કારી— ખુદા૦
ખાના પીના કીયા હે હરામ, રટું સુબો શામ,
વો પ્યારીકા નામ, બના મેં બેક્જારી— ખુદા૦

૩૭

અવગુણ હું શું રે વર્ણવું તમ પુત્ર કેરી પત્નિના— ટેક.
રાખ્યો દરીયાખાં તેણે યારરે, મારૂં કહ્યું માનો નિર્ધારરે,
કરે અહાર દારૂ માંસનો વિશેષ શું કહું હું બિના— અવ૦
તેની વિંટી તસબીર તણી, કરે પુજન પ્રિતથી કહું ભણી;
ચાલો સંગ આપ મારા દેખાડું ઢંગ ધુતારીના— અવ૦

૩૮

હાં હાંરે બેની શોચ અતિ દિલ થાય,
પ્રાણનાથ વિના મને ચેન પડે નહીં—શોચ૦
અન ન ભાવે સખી, નિંદ ન આવેરે,
ઘડી મને વર્ષ તુલ્ય જણાય—હાં હાંરે૦
નિરવિના જાઈ, જુઇ ચંબેલીરે,
જોને તે સુકાઇ જાય—હાં હાંરે૦
એવીજ રીતે અરે બેની મારીરે,
પતિ વિણ કાય કરમાય—હાં હાંરે૦

૩૯

ખરો પ્રેમ તારો છે ઇશ પરે, કર્યે સિદ્ધ કાર્ય તું ના દિલ ડરે.
સાયર નિરનો જેને વિયોગ થયો, રાખી ધૈર્ય મનમાં મિલાપ થયો.
નળરાય ને દમયંતિ સતી, પડી શીર કેવી તેને આપત્તિ.
દઢ મન રાખીને સમર્યા ઇશ, મેળવ્યા બન્નેને સખિ જગદીશ.
તેવી રીતે તારૂં છે ઇશમાં ચિત, પતિને મેળવશે ન થા ભયભિત.

૪૦

બોળ્યું કુળનું દુષ્ટા નામ, ઇજત ખોઇ તેં તો મારીરે
નિકળ છોડીને તું તો મુજ ધામ— ઇજત૦
હતી શુદ્ધ પતિવ્રતા નાર— ઇજત૦
રાખ્યો દરીયાખાં જેવો યાર— ઇજત૦
કર્યો દારૂ માંસનો તેં અહાર— ઇજત૦
ધિક ધિક તુંને છે હજાર— ઇજત૦
ફટ ફટ પુત્ર પત્નિ તુજ માય— ઇજત૦
કેમ જન્મતાં ઝેર દીધું નાય— ઇજત૦
સાડ વર્ષે આબરૂની હાણુ— ઇજત૦
ચઢે દાઝ કહાડું તારાં પ્રાણ— ઇજત૦
પણ બેસે શિર સ્ત્રીની હત્યારે— ઇજત૦
કરી કાળું મુખ પિયર તું જારે— ઇજત૦

૪૧

દીધા ફિટકાર હાય મુજ સ્વામિ પિતાય,
અંગોઅંગમાં લાય મુને લાગી બેની;
કરૂં શું રે ઉપાય ગમ પડતી નથી—દીધા૦

મુજ પિયર માંય સખી વાત ચલાવ,
એમ લાગે પિતા માય હવે શું રે કરૂં;
આવ્યું ખોટું મુજ માથે આળ ખરે—દીધા૦
ઇશ તારો આધાર ખરો મુંને આ વાર,
નમે ચરણ નાર તુજ પાયે પડી;
પ્રભુ શું અપરાધ મેં કીધો હશે— દીધા૦

૪૨

નફટ માલણે, સ્થીતિ આ કરી; કપટથી નહીં, જોશ તું ડરી.
પ્રલય પાપનો, એનરે થશે; વિપત તાહરી, વાલમાં જશે.
આથ ઇતી ખરી, વાત જો કહી; પિયરમાં તને, એમ શી રહી.
રૂદન મૂક તું, એન માહરી; રટન ઇશનું રાખ આ ઘડી.

૪૩

ખબર ખુશાલી દીયા મુજે તેં, એહેસાન તેરા ભુલું નહીં,
નહીં રોકાના કીસી જગોપેં, આકે ઇનામ તુજે દેઉં સહી;
એકીદમ જાઉં અબ મેં તો જંગલકી માંય, ઉડા લાઉં ગુણસું
દરીકું યાંય.
માર ઠેર કરૂં ઉસ્કા નોકર હું બ્હાય; એકીદમ૦ ખબર૦

૪૪

પ્યારી ચલો હમારી સંગાત, ઇતની લેનાં નિધામેં બાત,
તકલીફ ઉઠાકે આયા જંગલમેં, અબ ચલો પકડકે હમ હાથ.
અગે હેવાન રથકું મત ચલાના, નહિ તો હોવેગી તેરી ઘાત.
પ્યારી ચલો૦

૪૫

હાય ઓય પ્રભુ કેવો વખત દેખાડયો, કેવો૦
દરિયાખાંએ આડો આંક વાળ્યોરે—હાય૦
નથી દુઃખમાં રહી કાંઈ ખામી, અર્જ સાંભળ અંતરજામી;
કહું તુને હું શીશ નમાવીરે—હાય૦
બેની શું રે મારે હવે કરવું, કહે કયમ આમાંથી તરવું,
હાય નિશ્ચે મારે રહ્યું મરવુંરે—હાય૦
જોઇ મર્ણ આ દિલ બળે મારૂં, હાય હાય શું મુખે પોકારૂં,
હે ઇશ આમાંથી તેં શું ધાર્યુંરે—હાય૦

૪૬

એકીદમ જાનાં અબ પ્યારી પાસ, બેઠી હોગી ઓ બનકે નિરાશ–ટેક.
રાહ મેરી વો દેખત હોગી, ઐસા જાનું મેં મન ખાસ,—
જાદા બખત મેંને યાંહી ગુમાયા, હોગા પ્યારી કે મન ત્રાસ—
એકીદમ૦

૪૭

રક્ષા કરો ત્રિપુરારી, દીન દાસીની રક્ષા કરો ત્રીપુરારી.— ટેક.
શુધ્ધ -હૃદયથી આપની ભકતી, કરૂં છું હું રે મોરારી— રક્ષા
તો પણ પાતિવ્રત્ય આ જાવા બેઠું, પ્રાણ ત્યાગું ગીરધારી—રક્ષા
હાય હાય અગ્નિ અંગમાં લાગી, શું કરૂં અબળા નારી—રક્ષા

૪૮

તારી પ્રીતિ છે અપાર બેની ઈશની પરે— ટેક.
સુજ્ઞ દમયંતી સતી, દુઃખ વેઠયું તારામતી,
રાખ પ્રભુ પર પ્રીતિ, દઢમન તેક નીતિ— તારી૦

સુખ પામીને અપાર, કહ્યું માન નિરધાર,
જીવ બાળમાં લગાર, બોધ માનતું આ વાર— તારી૦
પતિ મળે પુર્ણ પ્રીત, ઇશ ભજ એક ચિત્ત,
હવે થા ન ભયભિત, કહું જાજું શું હું નિત્ત—તારી૦

૪૯

કહાં ગઇ મેરી દિલજાન, ઉસ બિના હોવે ના આરામરે—કહાં૦
છે છે માસકી મેહેનત મેરી, આજ ગઇ બરબાદ,
કીસી જગોપેં ઢુંઢું ઉસકું, ખુદા સુનો ફરીયાદરે— કહાં૦
હાથ આયા હિરા મેં ગુમાયા, કહાં ગઇ નાજુક નાર,
હાય હાય અબ કૈસા કરૂં, હોતા હે રંજ અપારરે— કહાં૦

૫૦

આજા પાસ અયે મેરી જાન, કહના માન, કહના માન, કરના માનરે,
આજા પાસ એયે મેરી જાન.
હસદે, બોલદે, ઘુંઘટ ખોલદે, છોડ દિલસેં તું તેરે ગુમાનરે—
આજા પા૦

૫૧

મુઆ તું મર, મુઆ તું મર, મુઆ તું મર,
સત્યાનાશની પાટી વળશે, પાવળીગો ખોટું પાપી;
મૃત્યુ ભમે છે તારૂં જીભ ટુંકી કર— મુઆ૦
ભુલ્યો છું ભાન, અધમ હેવાન, છોડ ગુમાન,
ધિક અરે ધિક ધિક છે તુજને, બુડી મર બાયલા પાપી;
જઇશ નરકે કામાંધ તું ભગજો મર— મુઆ૦
જો લંકા પતિ, શ્રી સીતા સતી, સતાવી અતી,

થોરીયા ઉગે તુજ હસ્તમાં, કોઢ નિકળશેરે શ્રાપી;
વિચારી જો ગમાર તેનું ફળ આખર— મુઆ૦
મતિ ભમાવી, જાણુતી લજાવી, દુષ્ટ ડરાવી,
ફટ ગોઝારા પ્રભુએ તુજને, લાજ કેમ કશી નવ આપી;
ન ડરૂં મત્યુથી શી ભીતિ અવર— મુઆ૦

૫૨

સોગન ખાધા આપે તમારા, ત્યારે કહું સુણો ઉમરાવજી,
નિયમ લીધું છે મેં માતાજીનું, અડકો તો અંધા થાઓજી;
સાત દિવસ હવે બાકી રહ્યા છે, છ મહિનાની માંયજી.
તે પછી આપ ખુશીથી પધારો, લેશ ન રાખો ચિંતાયજી.

૫૩

અરજ આપ મારી ઉરે માનીલેજો,ઉરે માની લેજો, ઉરે માની
લેજો—લેજો—લેજો
માતાજીને મંદિર જે દિન જાવું, રથ મોકલાવી ત્યારે દેજો,
દેજો—દેજો
એટલી વિનંતિ હુંરે કરૂં છું, કૃપાદૃષ્ટિ આપ અતિ કરજો,
કરજો, કરજો.

૫૪

અરે ઇશ આપને નમું છું હું તો પાય, નમું છું હુંતો પાય,
નમું છું હુંતો પાય, પાય, પાય,
પ્રિય સખિને શિર દુઃખ અતિભારી, તેથી બળું દિલ માંય, માંય,
માંય, માંય,—અરે૦

જાઉં છું હું તો બુલબુલખાં પાસે, પત્ર લઇને તેને ત્યાંય,
ત્યાંય, ત્યાંય—અરે૦

માટે પ્રભુજી એના હ્રદયમાં, વસીને કર અમ સ્હાય, સ્હાય,
સ્હાય.—અરે૦

૫૫

મુજ પતિ તણા પ્રિય દોસ્ત, બુલબુલખાં પ્યારારે;
તમ મિત્ર ગયા છે વિદેશ, દુઃખી તેની દારારે.
દુષ્ટ દરીયાખાંએ કેર, કર્યો અતિ ભારીરે;
લાવ્યો હરણ કરી પોતે મેહેલ, ખબર લ્યો મારીરે.
પાતિવ્રત્ય થાયે મારૂં ભંગ, આપ વિચારોરે;
ત્યાગું પ્રાણને દઉં તમ દોષ, અર્જ ઉર ધારોરે.
રાખી મુદત દિવસ સાત, ભૂતેશ્વરી જઇશુંરે;
જો નહીં આવો તમ ત્યાંય, હત્યા ખરે દઇશુંરે.
બજાવો મિત્રાઇ કેરો ધર્મ, વારે ચઢો મારીરે;
રહેશે જગમાં તમારૂં નામ, બચાવી મિત્ર નારીરે.

૫૬

મિત્ર પત્નિ કે શિર પડા દુઃખ ભારી,
લેના ખબર મેરે આ વખ્ત, દોસ્તીકી રીત ધારી;
સ્હાય કરના ખુદાતાલા આપ, ઇસ વખ્ત હમારી,
દરીયાખાંકું મારૂં મેં તો આજ, બચાવું મિત્રનારી—મિત્ર૦
મિત્ર ગયે બિદેશ જબ કીથી ભલામણ મુજકું,
રખનાં ધરકી સુરત હે દોસ્ત, કેતા હું તુજકું,
સચી મિત્રાઈ હે દોસ્ત તેરી, એસા જાનું મનકું,

શું કહકે વાંસેં સીધાયા, બિદેશ મોઝારા—મિત્ર૦
અબ મનમેં બિચાર ન લેશ, મેરે તો કરના,
મિત્રાઇ કે ખાતર મેરે, જાન જરૂર ગુમાના,
ચહા વૈસા કરકે દોસ્તકી, નારીકું આજ છોડાના,
તબ રહેવે જગમેં મુજ નામ—જાઉં આ વારી—મિત્ર૦

૫૭

જાતા મિત્ર ધર્મ કે કાજ શરમ રખ મેરી,
કરૂ હાથ જોર ખુદા આજ બંદગી તેરી;
દુશ્મન હે શિરપેં દરીયાખાંન ઉમરાવ,
લડનેકું જાના ઉસ સાથ મુઝે તેં બચાવ;
અબ સત્વર જા કે સિદ્ધ કામ વો કરના,
હિમત રાખના મન મરનેસેં ક્યા ડરના?

૫૮

લડાઇ કાજ ચલો સિપાઇ, લેશ ડરો ન દિલકે માંઇ,
બતલાવો અપની શૂરાઇ, દરિયાખાંકું મારે જાઇ;
કમાલખાં બડા હોશિયાર, હે બુલબુલખાં સરદાર,
દરિયાખાંકી ક્યા દરકાર, સજ કરો સબ તલવાર;
લાતસેં અબે કરના બાત, દુશ્મનોકી કરના ઘાત,
વો સબી હે કમજાત, ચલો બતાદો અપના હાથ.

૫૯

હે સૃષ્ટિ રક્ષણ કરનારી, દીન દાસી શરણ છે તારી;
પાતિવ્રત્ય ભંગ થાય મારૂં, હાય હાય શું મુખે પોકારૂં;
લે અરજ ઉરમાં ધારી, દીન દાસી૦

ખરો તુજ આશ્રય મારે, તુજ વિના કોણ ઉગારે;
હું નિર્દોષ અબળા નારી, દીન દાસી૦
હવે આજ્ઞા શી ફરમાવે, હમણા દરિયાખાં દુષ્ટ આવે;
પછી થાશે મારી ખુવારી, દિન દાસી૦

૬૦

દરીયાખાં હુવા સેતાન, ચલા જા તું તો અબ અહાંસે રે
નહિં તો જાવેગા તેરા જાન— ચલા૦
મેરા દોસ્તકી વો હે નાર— ચલા૦
સોંપ દે તું મુજે આ વાર— ચલા૦
મેરી બાતપેં નાદાન રખ ધ્યાન— ચલા૦
મેરા કહા તું ઇતના માન— ચલા૦
દેખા નહીં તેં બુલબુલખાંકા હાથ— ચલા૦
નિકાલું તેરા જાન અયે કમજાત— ચલા૦

અરે ભાગ ભાગ અહાંસે દુર—સેખી તું તેરી દુર કરરે
તેરા હાડો હાડ કર દઉંઝા ચુર— સેખી૦
એક મુકીકા હે તું ઓલાદ— સેખી૦
ક્યું કરતા હે નાહક બેદાદ— સેખી૦
યહ મેરી હે દિલો જાન નાર— સેખી૦
ઉરકે પિછું મેં હુવાહું ખ્વાર— સેખી૦
અબ કેસે છોડું સુન તું હેવાન— સેખી૦
મેરા જાનકા મુઝે નહિં હે કામ— સેખી૦

૬૧

બુલબુલખાં છોડ આ વાર, બહુદાસતેરા માનું એહેશાન અપાર,
અરે હાય, હાય, હાયરે—બુલબુલ૰
તેરા દોસ્તકી નારીકા મેં, લેઉં કભી નહીં નામ,
સચા માન તું દિલમેં તેરે, બનુ ન બઇમાન,
અરે હાય, હાય, હાયરે—બુલબુલ૰
ખુદા કસમ મેં ખાકે બોલું, વોહે મેરી માત;
સ્વપ્નેમેં જો નામ લેંઉતો, છોરૂ મેં કમજાત,
અરે હાય,હાય હાયરે—બુલબુલ૰

૬૨

અબ કૈસે છોડું સુન તું હેવાન, આજ તેરા ઉતારૂં ગુમાન;
બદ કરે નહિં કામ— કૈસે૰
પરાઈ નારકા હરન કિયા, નહિ બિચાર મન લેષ કીયા;
હાય દોસ્ત નારી, તેની કરી તેં ખુવારી—
હાય, હાય બોત બુરા તુને કીયા કામ—અબ૰

૬૩

કરી ઉપકારને બચાવી, ધન્ય છે તમોને ભાઇ,
મિત્રાઇની રીત આજ જણાઇ, શું કહું મુખેથી ગાઇ—કરી૰
બુલબુલખાં તમોને રંગ, આવ્યા રૂડો જોઇ પ્રસંગ,
પાતિવ્રત્ય થવા બેઠું તું ભંગ, હવે વધ્યો મુને ઉછરંગ—કરી૰
દુષ્ટ પંજામાંથી બચાવી, મોતમાંથી તમે છોડાવી,
તકલીફ આપે બહુ ઉઠાવી, કહું છું સત્ય દિલમાં લાવી—કરી૰

૬૪

નારી નેક છોડો તુમ ભાઇ, રહા નફા ઉસીમેં નાંઇ.
દેખો હાલત હુઇ કૈસી મેરી, જાના પડેગા શાહ કચેરી,
ખાનદાની મેં તો ગુમાઇ— રહા નફા૦
નાહીં નારિકા પલ્લા પકડના, સદા કલમે શરીફ મુખ જપના,
આયા બિચાર ન દિલમેં જરાઈ— રહા નફા૦
ચોરોકું શિક્ષા મેં દેતા, વોહી કૈદી બનકે જાતા.
કૈદી ખુદાને બખત દીખાઇ— રહા નફા૦
જૈસા કરનાં વૈસા ભરનાં, અબ દિલગીરી કયા કરનાં,
જાનું ખત્તા મેને બહુત ખાઈ— રહા નફા૦

૬૫

સુનો શાહ હમારે, સાલા તુમારે, જુલ્મ કિયા હે અપાર,
યહ નગરકા શેઠ મોતીચંદ લડકાકી સુંદર નાર,
જબરજસ્તીસેં ઉઠા લાયાથા, અપને મેહેલ મોઝારરે—સુનો૦
ખબર ભેજી મુઝકો વો નારી, દાસીકી સાથ હજુર,
તરતીબ છુડવાનેકી ઢુંઢો તુમ, યહ બાત રખોને મંજુરરે—સુનો૦
દોસ્ત મેરા વો લગતા હે તબ લીની નિધાપેં બાત,
બાંદીકી સાથ મેં કહ ભેજવાયા, છોડો દિલ પરિતાપરે—સુનો૦
વહાંસેં ઉઠકે હુવા રવાના, માતા જંગલમેં હે વહાંય,
દરિયાખાં ભી મિલા મુઝકો, સમજાયા મેને ત્હાંયરે— સુનો૦
લેકીન હુજત બહુતકી, તબ બાંધા મેંને સરકાર,
જેલખાનેમેં ભેજ દીયા, બિન હુકમસેં નામદારરે—સુનો૦

૬૬

કયા ગુના કીયા મુજ ભાઇ દરીયાખાંનને— ટેક.
કૈદી કીયા યહ હવાલ સુના મેં જબસેં,
તબસેં ચિરાક જલતે હે મેરે બદનમેં— કયા૦
જાકે છોડા દો મુજ ભાઇકું આપ ઇસિ ઘડી,
હાથ જોડકે કહતી હું, શાહ તુમ કને— કયા૦
બડી બેગમ મેં કાયકી, ધિકાર મેરા જીના,
નહિંતો કર દો દેશ પાર, બુલબુલખાંનને— કયા૦

૬૭

નહીં કર બેશરમી બાત, નાર દીવાની,
કેસે તજું બુલબુલખાં બજીર ફટ જીંદગાની;
જાકે અદલ કરૂં ઇન્સાફ ગુનાહ હે કીસકા,
દેઉં શિક્ષા જાદે વાંક હોવે જન જીસ્કા.
નહીં પક્ષ ધરૂં તુજ ભાઇ, સમજ તુજ મનમેં,
બેઅદબી કરૂં તો જાના પડે દોઝખમેં.

૬૮

બિના તમે સાંભળો મારીરે, દિલ્હીના ભુપ આ વારી; ટેક.
હું ને મારી પ્રિય સખી જ્યાં, બેઠાં હતાં મેહેલમાંય,
નફટ રાંડ ગુલાબ ત્યાં આવી, ફુલ લઇ હરખાઇરે. બિના.
બોલી મુખથી વાણી એવી, મોહે દરીયાખાં સરદાર;
વાત સાંભળી કાળ વ્યાપ્યો મુને, કાઢી મેહેલથી બહારરે. બિના.
કાલાવાલા તેણે ઘણા કર્યા ત્યારે, માફી આપી તે વાર;

દયા લાવીને જાતી મૂકી ત્યારે, ગઇ પોતાને દ્વારરે. બિના.
બીજે દિવસ પોતે આવી, વિંટી તસબીર લઈ;
સંતાડી કરીને ચાલી ગઇ, તેની ખબર મુને ન રહીરે, બિના.
એ ચારેક ઘડી થઇ ત્યારે, સસરાને લાવી ત્યાંય;
સંતાડેલી ચીજે બતાવી, ગુસ્સે થયા મનમાંયરે. બિના.
અત્યંત ક્રોધે ભરાયા સસરા, ધિક્કાર આપ્યા અપાર;
કુળ મારૂં તેં તો લજાવ્યું, હવે જા તું પિયર મોઝારરે. બિના.
ત્યાંથી હું તો ચાલી ત્યારે, મોકલ્યો એક સિપાઇ;
જંગલ રાનમાં પોહોંચ્યાં અમે, ત્યારે આવ્યો દરીયાખાં ધાઇરે.
મુખથી પ્યારી પ્યારી બોલ્યો, ચાલ મારી સંઘાત;
સિપાઈ રકઝક કરવા લાગ્યો, ત્યારે તેની કરી ઘાતરે. બિના.
પછી ત્યાંથી જબરજસ્તીથી, લઇ ગયો પોતાને મ્હેલ;
રાતની વખત આવ્યો પાસે મુજ, દારૂમાં થઇને છકેલરે. બિના.
જેમ તેમ કરીને મેં સમજાવ્યો, વતનું લઇને નામ;
સાત દિવસ પછી વરીશ તમને, રાખોને મન હામરે. બિના.
ખુશી થઇને ચાલ્યો ગયો પછી, પત્ર લખ્યો મેં ત્યાંય;
પ્રિય બેનીને મોકલી મેં તો, બુલબુલખાં હોય જ્યાંયરે. બિના.
ઉત્તર આવ્યો બુલબુલખાંનો, લેશ ન થાશો દિલગીર;
ખુશી થઇને જાજો બંન્ને, માતાજીને મંદીરરે. બિના.
બુલબુલખાંના ક્હેવા ઉપર, ગયા માતાજીને ધામ;
પાછળ દરીયાખાંએ આવો, કર્યો પોતે ત્યાં મુકામરે. બિના૦
થોડી વાર પછી ત્યાં પહોચ્યા, બુલબુલખાં સરદાર;
દરીયાખાંનને ઘણું સમજાવ્યું, માન્યુ નહીં તલભારરે. બિના૦

બહાદૂર ખુલ્લંખુલ્લે હુમલો કરીને, પકડી લીધો ત્યાંય;
સિપાઇને હુકમ કર્યો કે, લઇ જાઓ જેલની માંયરે. બિના૦
દરીયાખાંનને રસ્તે પડાવી, આજ મા મારી પાસ;
ધર્મની બહેન ભણી કહ્યું મુખેથી, ચાલ મારે નિવાસરે. બિના૦

૬૯

ફટ નિર્લજ નારી, કેવો વાણી તેં ઉચ્ચારી. ટેક.
છોડ મારૂં તું તો ધામ; નથી તારૂં મારે કામ, મોઢું કરી તું
તો શામ, ભાગ ભાગ તું નાદાન—ફટ૦
હાય હાય લાગી લાય, વાકય સુણી તુજ કસાય, શરમાણી ન
જરાય, હવે તું તો મારી માય—ફટ૦
કેમ ઉભી નિચજાત, નહિં તો મારૂં છું આ લાત, બીજી વાર
કહું માત, છોડ મારો તું સંધાત—ફટ૦

૭૦

મરનેકી નાંહી બાત કરે તું, તેરા બિના મેરા જીવ ભમે;
કમર મેરી અબ તુટ ગઇ, લે ખાના તેરા કોન જમે.
કદાચ મરના તેરા હુંવા તો, તેરી પછાડી હોંઉગા સતા;
કબરમેં સોકે દોજખમેં જાકે, ઢુંઢ નિકાલું તેરા પતા.
તેરા પ્યાર મેરે પર ઐસા, જેસેં ઉંદર બિલ્લી રમે,
મેરાભી દિલમેં ઐસા ચાહતા, તેરા બિના મુઝે કેસે ગમે.

૭૧

વાહ વાહ મારા છેલ બંકડા, કેવી મળી હું તમને નાર;
એક બીજામાં નથી ખામી કંઇ, ધન્ય આપણો છે અવતાર.

મુખ કાન્તિ તમ શું દર્શાતું, વનના જેવા વાંદર વીર;
શરીર તમારૂં બાવળ લાકડું, ઉભું હોય જાણે ખોગીર.
મનમાં હું તો એવું ચાહું, ક્યારે થાય તમારૂં મોત;
આડી અવળી જઇને હું તો, બીજા પતીની કરૂં છું ગોત.

૭૨

આનંદ દિલ અતી, સખીનો આવીયો પતી,
ધન્ય દિન આજનો બહુ, સખિને ચાલ ખુશ ખબર કહું,
પ્રભુ કૃપાથી ટળી ઉપાધિ, આનંદ દિલ અતિ— સખીનો૦

૭૩

ધન્ય ધન્ય મિત્ર કર્યો આભારી, લાજ રાખી સમય વિચારી.
મુજ પત્નિનું સંરક્ષણ કીધું, માન મોટું તેં બાઈ લીધું.
મિત્રો મળો તો બુલબુલખાં જેવા, તન મન ધન સમર્પે તેવા;
બદલો વાળવા મળે કઇ વારી, આતુર–મિત્ર કર્યો આભારી.

૭૪

અહેશાન મિત્ર કીયા ન તેરા— ટેક
દોસ્તીકી રીતી મેને દિખાઈ, સુન રફીક આ વાર,
મોહોબતકે ખાતિર શિર જાવે, તો રખેન હમ દરકાર—અહેશાન
આભાર મેને લેશ કીયા નહીં, અયે દોસ્ત દીલજાન,
ઉપકાર મેં તો ગીનતા હું તેરા, મનમેં તેરે માન— અહેશાન

૭૫

અફસોસ ખુદા તેં દીલાયા મુજકોરે આ વાર.
નારીકે કાજ ફાંસી પે ચડતા હું મે ગમાર,

બદફેલીમેં માલ કૈસા આંખોસેં દેખા આજ;
રંજ હોતા દિલકો મેરે ઐસા કરનેસેં કાજ.

૭૬

મમ પ્રાણનાથ પ્યારા, પડયું દુઃખ અતિ તમ દ્વારા—ટેક.
દરીયાખાં દુરાચારી થઇને, હરણ કર્યું મુજ વન,
લઇને ભુવન, ત્યારે દુઃખી મન, થયું પિયુ મારા— મમ.
ધન્ય ધન્ય છે બુલબુલખાંને, મદદ કરી તે વાર,
બચાવી આપનાર, કહું કરી પુકાર, બોલું હું પાસ તમારા—મમ.

૭૭

સ્થાન પ્રત્યે વિચરો, બંધુઓ આપ સ્થાન પ્રત્યે વિચરો. ટેક.
પેહેલો પ્રયાસ આ પ્રિતે સુણીને, ચુકની માફી કરો—બંધુઓ૦
કુટિલ કાન્તાના કૃત્ય કેવાં તે, સંબંધ કરતાં ડરો —બંધુઓ૦
ક્ષમા દયા ને નેક નીતિથી, ઈશનું ધ્યાન ધરો —બંધુઓ૦
નિશ્ચે અભયપદ આપે પ્રભુજી, ભવ સિંધુપાર ઉતરો—બંધુઓ૦
નીતિ પ્રબોધક એમ અહર્નિશ, આપશે બોધ ખરો—બંધુઓ૦
અવર ખેલમાં આપ પધારી, આપશો શુદ્ધ આશરો—બંધુઓ૦

સમાપ્ત.